# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


નં. કેસીજી/શોધ/૨૦૨૬-૨૭/ 1257

PhD R&D cell 19/10/26

તા.૧૯/૧૦/૨૦૨૬

પ્રતિ,

નોડલ ઓફિસર, શોધ

તમામ યુનિવર્સિટી

**<u>વિષય</u>:** શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે ઓનલાઈન અરજીઓની તારીખ લંબાવવા બાબત અને અરજીઓનું વેરીફીકેશન કરવા બાબત

સ્નેહીશ્રી,

શોધ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ https://shodh.gujarat.gov.in/ વેબસાઇટ પર તા.૦૧/૦૯/૨૦૨૬ થી ૧૯/૧૦/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજી કરવા જાહેરાત આપવામાં આવેલ હતી. **<u>વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં લેતાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦/૧૨/૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.</u>** જેની નોંધ લઇ આપની યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત **<u>ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૦/૧૨/૨૦૨૬</u>** વિષે જાણ કરવા વિનંતી જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ લાભાન્વિત થઇ શકે. આ તારીખ પછી કોઈ પણ સંજોગોમાં તારીખ લંબાવવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

વધુમાં જે વિદ્યાર્થીઓ દ્વારા આ યોજના હેઠળ લાભ પ્રાપ્ત કરવા માટે ઉક્ત સમય મર્યાદામાં ઓનલાઈન એપ્લીકેશન વેબસાઈટ પર લોક કરવામાં આવેલ છે/ આવશે તેઓએ જે તે યુનિવર્સિટી ખાતે પોતાના ઓરીજીનલ ડોક્યુમેન્ટનું વેરીફીકેશન કરાવવાનું રહે છે. આ માટે **<u>નોડલ ઓફીસરે વિદ્યાર્થીઓ દ્વારા અપલોડ કરવામાં આવેલ તમામ દસ્તાવેજો/ડોક્યુમેન્ટ્સની ચકાસણીની પ્રક્રિયા તા.૨૧/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.</u> જો વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરતી વખતે કોઈ <u>ટેકનીકલ ભૂલ થઇ હોય તો તેની એપ્લીકેશન "અનલોક" કરવી અને વિદ્યાર્થી દ્વારા જરૂરી સુધારા કરાવી તેની અરજીની પુનઃ ચકાસણી કરવી.</u>** જે વિદ્યાર્થીઓ ઉક્ત સમય મર્યાદામાં ઓરીજીનલ ડોક્યુમેન્ટનું વેરીફીકેશન માટે ના આવી શકે તો તેઓને જાણ કર્યા બાદ તેવી અરજીઓ રીજેક્ટ કરવી. કોઈ પણ અરજી પેન્ડીંગ ન રાખવા અનુરોધ છે.

તમામ પાત્ર અને માન્ય ઉમેદવારોની સૂચિ વિષયવાર ગોઠવીને યુનિવર્સિટીના ફોરવર્ડિંગ લેટર પર રજિસ્ટ્રારશ્રીની તથા આપની સહી અને સ્ટેમ્પ સાથે નીચે મુજબ દર્શાવેલ દસ્તાવેજો સહીત કેસીજી ખાતે **તા.૩૧/૧૨/૨૦૨૬** સુધીમાં જમા કરાવવાના રહેશે.

1. ઓનલાઈન ભરેલ ફોર્મ અને વેરીફીકેશનની રીસીપ્ટ
2. Anti plagiarism report
3. એચ.ઓ.ડી અને ગાઈડની સહી સિક્કાવાળું રીસર્ચ પ્રપોઝલ
4. પી.એચડી. વિષય/ટાઈટલને અનુલક્ષીને પીપીટી


Pragna Puram Campus, Opp. PRL, Between Govt. Girls Polytechic and L.D College of Engineering, Navrangpura, Ahmedabad-380015.

Ph. +91 7926302067 E-mail : info-kcg@gujarat.gov.in www : kcg.gujarat.gov.in

ફક્ત ઉપરોક્ત જણાવેલ ૪ દસ્તાવેજો જ હાર્ડકોપીમાં **તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં** કેસીજી ખાતે જમા કરાવવાં. ત્યારબાદ નિયમો અનુસાર પૂર્ણ ચકાસણી પછી જ અરજીઓ સ્ક્રુટિની સમિતિ સમક્ષ મૂકવા પાત્ર ગણાશે. તેથી આપને દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં અચૂક પૂર્ણ કરવા વિનંતી છે.

આભાર સહ,

મેમ્બર સેક્રેટરી
શોધ યોજના
કેસીજી, અમદાવાદ

**બિડાણ:**

૧. શોધ યોજનાની તારીખ લંબાવવા બાબતે જાહેરાતની નકલ

**નકલ રવાના:**

૧. પી.એ. ટુ માન. અધિક મુખ્યસચિવશ્રી (શિક્ષણ), નવા સચિવાલય, ગાંધીનગર
૨. પી.એ. ટુ માન. કમિશનરશ્રી (ઉચ્ચ શિક્ષણ), ડૉ.જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર
૩. પી.એ. ટુ માન. નિયામકશ્રી (ટેક્નીકલ શિક્ષણ), કર્મયોગી ભવન, ગાંધીનગર
૪. કુલપતિશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
૫. રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય

---

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## :: પરીપત્ર ::

ક્રમાંક: પીજી/૨૪૪૯૧/૨૦૨૬

કુલસચિવ વતી

તા. ૨૧/૧૦/૨૦૨૬

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...

(૨) યુનિવર્સિટી પરીસર ખાતેના તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ તરફ...

# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત

PRL ની સામે, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**ScHeme Of Developing High quality research (SHODH)**

**વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે ઓનલાઈન અરજીઓની તારીખ લંબાવવા બાબત**

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં ફૂલ ટાઇમ રેગ્યુલર મોડમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે આર્થિક સહાય પૂરી પાડવા શોધ (SHODH) યોજના અંતર્ગત અરજી કરવાની છેલ્લી તારીખ લંબાવીને તા.૧૦/૧૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી કરવામાં આવેલ છે. વધુ માહિતી વેબસાઇટ **https://shodh.gujarat.gov.in/** પર ઉપલબ્ધ છે.

ક્રમાંક/સમાહિ/અમદ/1037/2026

મેમ્બર સેક્રેટરી, શોધ યોજના

# Knowledge Consortium of Gujarat, Ahmedabad

Opp. PRL, Nr. L. D. College of Engineering, Navarangpura, Ahmedabad - 380009

**ScHeme Of Developing High quality research (SHODH)**

**Date extension of online Applications for the Year 2026-27**

The last date for submitting applications under the SHODH (Scheme of Developing High Quality Research) scheme, which provides financial assistance for qualitative research to the students enrolled in full-time regular Ph.D. programs in recognized universities across the state, has been extended up to 10/12/2026 till 18:00 hrs. Additional information is available on the website: https://shodh.gujarat.gov.in/

**INF-ABD-1037-2026**

**Member Secretary, SHODH scheme**